# આશ્રયલીલાના સંદર્ભમાં શરણાગતિ

– અસિત શાહ.

## ઉપક્રમ

ચાહે કેવળ હિમાચ્છાદિત ઉત્તુંગ શિખર સમ જ્ઞાનમાર્ગ હોય કે પ્રતિક્ષણનૂતન રમણીય પુષ્પાચ્છાદિત શિખર સમ ભક્તિમાર્ગ હોય કે વિવિધ ફળોથી લચી પડતા વૃક્ષોથી આચ્છાદિત શિખર સમ કર્મમાર્ગ હોય કે સાવ વેરાન ધુળિયા શિખર જેવો સંસાર હોય; સહુ કોઈનું આધાર પાષાણના પહાડ સમાન આશ્રય તત્ત્વ છે. ભલે તે સર્વભોગ્ય સૌન્દર્ય ન ધરાવતું હોય, તેના વગર કોઈપણ માર્ગ ચાલે તેમ નથી.

''વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ વેદાન્તકૃત્ વેદવિદેવ ચાહમ્'' ''માં વિધત્તેઽભિધત્તે માં વિકલ્પ્યાપોહ્યતે હ્યહમ્'' આદિ શાસ્ત્રવચનો જ્ઞાનમાર્ગના જ્ઞાતા-જ્ઞેય-અપોહ્ય-જ્ઞાપકપ્રમાણ સર્વ કાંઈ પ્રભુ જ હોવાના અર્થમાં તે માર્ગની ભગવદાશ્રિતતા ઉજાગર કરે છે. ''યજ્ઞો વૈ વિષ્ણુઃ'' આદિ શાસ્ત્રવચનો તથા ''પંચાત્મકો સ ભગવાન્ દ્વિષડાત્મકોઽભૂત્'' આદિ આચાર્યવચનો કર્મમાર્ગની ભગવદાશ્રિતતા દર્શાવે છે. આવશ્યક કર્માંગો એવા દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-કર્મ-મંત્ર પણ સર્વે ભગવદ્રૂપ જ છે. ''બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતં નામ્નિશ્ચૈકં તતસ્ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ'' આચાર્યવચન ભક્તિમાર્ગની ત્રિવિધ રૂપ-નામધારી ભગવાનની આશ્રિતતાનું નિરૂપણ કરે છે. તો ''અધુના હ્યધિકારાસ્તુ સર્વ એવ ગતા કલૌ'' ''એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતં કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા'' આચાર્યવચનો ભગવદાશ્રિતતાના માર્ગનું જ માહાત્મ્ય વર્ણવે છે.

## આશ્રયલીલાનું જ્ઞાન અને અનુભૂતિ

આશ્રયને તત્ત્વ કહેવું કે લીલા ? બંને કહી શકાય. શુદ્ધાદ્વૈતમાં જેમ કારણકોટિરૂપા લગડી કાર્યકોટિરૂપ દાગીનામાં પરિણમે તેમાં સ્વરૂપકોટિરૂપ સુવર્ણ અકબંધ રહે છે તેમ આશ્રય તત્ત્વ સૃષ્ટિના ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયમાં અકબંધ રહે છે. તે અર્થમાં આશ્રય જ એકમાત્ર તત્ત્વ છે; બાકી બધા રૂપનામવિભેદ છે. તો બીજી દષ્ટિએ જોતાં નાટકમાં કોઈ પાત્રનો બેભાન થઈ જવાનો અભિનય પણ જેમ અભિનય છે તેમ પ્રલયાદિ સૃષ્ટ્યન્ત અવ્યાકૃતાવસ્થા ધારણ કરવી એ આશ્રયલીલા છે. તે સિવાય આચ્છાદક હિમાદિ સમાન સર્ગાદિ લીલાઓમાં ન અનુભવાય પણ તો ય જાણી શકાય એવી પાષાણમયી પહાડ સમ પણ આશ્રયલીલા જ છે. ભલે તેમાં ન આહ્લાદક સૌન્દર્ય અનુભવાય કે ન તેના થકી કામનાપૂર્તિ થાય, તેનો અસ્વીકાર ન કર્મમાર્ગી કરી શકે કે ન જ્ઞાનમાર્ગી કે ન ભક્તિમાર્ગી પણ.

પ્રલય વખતે જો કે આ આશ્રય તત્ત્વની આધારભૂતતા સર્વે અનુભવી પણ શકે છે; હાલ વરુણ પર્વતનો લય અનુભવી રહેલા ઉત્તરકાશીના રહેવાસીઓની માફક. શ્રીભાગવતાર્થનિબન્ધમાં દ્વાદશસ્કન્ધાર્થવિવરણમાં શ્રીઆચાર્યચરણ તેથી જ આજ્ઞા કરે છે ''યતઃ સર્વં સમુત્પન્નં યસ્મિંશ્ચૈવ પ્રલીયતે, પૃથિવીવ ઘટાદ્યાદેઃ સ બહિર્જ્ઞાયતે ન હિ, અન્તશ્ચાપિ સ વિજ્ઞેયસ્તદૈવ સફલો ભવેત્, ઇતિ પ્રલયકથનમ્''. પણ તે તો છેક સૃષ્ટ્યન્તે થાય ! અને તે અનુભવાયા પછી કંઈ કરવાનો અવકાશ જ રહેતો નથી, બધું જ લીન થઈ જતું હોવાથી ! તેમ છતાં પ્રલયનું વર્ણન પણ એક વખત વાંચવા જેવું છે. કેમકે તે થકી સર્ગાદિ મુક્ત્યન્ત નવવિધલીલાના કર્તા આશ્રયરૂપ પુરુષોત્તમનું જ્ઞાન થાય છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે ''યસ્ય લીલા નવ પ્રોક્તાઃ સ શુધ્ધઃ પુરુષોત્તમઃ આશ્રયઃ સર્વભૂતાનામધિકો દ્વાદશાત્મકઃ ... નવાનાં શુધ્ધિલક્ષણઃ હરિરાશ્રય ઇત્યુક્તઃ''.

કલિકાલ એ પહેલાનો એક અનેરો અવસર છે, કે જેમાં અન્ય સર્વ સાધનોની અનાધારભૂતતા સ્પષ્ટ અનુભવાય છે. ને સાધારણ સમજદાર માણસ પણ તે થકી ભગવાન જ એકમાત્ર આશ્રય છે એમ સરળતાથી જાણી શકે છે. તેથી જ શ્રીભાગવતનો દ્વાદશસ્કન્ધ હોય કે પછી કૃષ્ણાશ્રય ગ્રંથ; જ્યાં જ્યાં ભગવદાશ્રયનો મહિમા વર્ણવાય છે ત્યાં કલિકાલના પ્રભાવનું ય વર્ણન આગળ-પાછળ લાગેલું હોય છે જ ! શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં ઉપરોક્ત સ્થળે તેનો આશય સમજાવતા તેથી જ આજ્ઞા કરે છે ''આશ્રયો લૌકિકાનાં તુ લોકો ધર્મોઽથવા પુનઃ, ઉભયં નષ્ટમધુના દ્વાભ્યાં તત્તુ નિરૂપિતમ્, શૂદ્રપર્યવસાનેન લોકનાશો નિરૂપિતઃ, અધર્મસ્ય ચ સમ્પૂર્ત્યા ધર્મનાશોઽપિ બુધ્યતામ્, એવં પૂર્વાશ્રયે નષ્ટે કૃષ્ણ એવાશ્રયો મતઃ.'' જેમ સ્વજનોનું મૃત્યુ નિહાળી માણસને સંસારની અસારતા અનુભવાય છે તેમ લૌકિક કે વૈદિક વ્યવહારપરાયણ જીવોને લોકવેદની અસારતા કલિયુગમાં પ્રત્યક્ષ થાય છે. બ્રાહ્મણત્વાદિ વર્ણ કે વર્ણાશ્રમાદિધર્માચરણના આશ્રયે સંસારસાગર તરી જવાશે એવા ભ્રમના ભાંગીને ભુક્કા થઈ જાય છે.

વળી કાલના ચક્રમાં દરેક કળિયુગના અન્તે પ્રલય જ થાય તેવું નથી. કળિયુગાન્તે એક કલ્પ પૂરો થતાં તરત બીજા કલ્પનો સતયુગ શરૂ થાય તેવું પણ બને. વર્તમાન શ્વેતવારાહ કલ્પના અન્તે કલ્કી અવતાર ધારણ કરી પ્રભુ પુનઃ સતયુગ લાવશે. આ સ્વયં એ વાતનું પ્રમાણ છે કે ''બદલાતી દેશકાલની પરિસ્થિતિ'' કહેવાતો કાલપ્રવાહ ભગવાનને અધીન છે. ભગવાન ચાહે ત્યારે ચાહે તે દિશામાં તે પ્રવાહને વાળી, તો ક્યારેક રોકી પણ શકે છે ને રોકે છે ય ખરા; ક્યારેક સર્વ જીવો માટે તો ક્યારેક કેટલાક વરણ કરેલ જીવો માટે. અવતારલીલાઓ આ જ વાતનો ઉદ્ઘોષ કરે છે. મત્સ્ય-વરાહાદિ અવતારોમાં પ્રભુએ સંપૂર્ણ પૃથ્વીનું તો નરસિંહાવતારમાં કેવળ ભક્ત પ્રહ્લાદનું તથા વામનાવતારમાં દેવો તથા બલિરાજાનું હિત કર્યું છે. તો ગોવર્ધનધારણલીલામાં પ્રભુએ વ્રજવાસીઓનો દેવ-ઋષિ-પિતૃઓ-આત્મા-આત્મીય-આલોક-પરલોક સર્વનો આશ્રય છોડાવી તેમને કેવળ પોતાના જ કરી મૂક્યા. આમ અવતારલીલાઓના અવગાહનથી એ વાત સરળતાથી સમજાય છે કે સર્વ કાંઈ ભગવદાશ્રિત છે.

### આશ્રયલીલાની અનુભૂતિમાં અંતરાયો

શુધ્ધાદ્વૈતાનુસાર નિત્ય પરિચ્છિન્ન તત્ત્વ માટે આ અવતરણ કે સમાગમની પ્રક્રિયા ઉચિત છે પણ નિત્યાપરિચ્છિન્ન તત્ત્વ માટે તો પ્રાકટ્યની પ્રક્રિયા ઉચિત છે. તેથી સર્વજનગોચર અવતારો ભલે ૧૦ કે ૨૪ જ હોય પણ તે ઉપરાંત પણ પ્રભુનું તે તે આસ્તિકો માટે તેવું તેવું પ્રાકટ્ય થાય છે જ. શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં ઉપરોક્ત સ્થળે આજ્ઞા કરે છે ''આશ્રયો ભગવાન્ કાલં તાવન્તં ચેત્ પ્રતીક્ષતે, કલ્કિર્ભવિષ્યતિ તદા સર્વસાધારણો મત:, ઉપલક્ષણમેતદ્ હિ નામપૂજાદિના હરિ:, યદા તુષ્ટ: પ્રસન્ન: સ્યાદ્ આત્માનં ચ પ્રદર્શયેત્, તદાશ્રય: પૂર્ણરૂપો ભવિષ્યતિ ન સંશય:.'' ટૂંકમાં હરિ તો સદા સર્વદા આપણા એકમાત્ર આશ્રય બની રહેવા સક્ષમ છે જ. ''વિલમ્બે કારણં ગર્વ: તદર્થં દોષવર્ણનમ્, તન્નિવૃત્તિશ્ચ ભવતીત્યગ્રે કીર્તનમીરિતમ્.'' પ્રભુના પક્ષે તેમાં કોઈ અન્તરાય નથી, પણ જીવના દોષો જ તેની આડે આવી જાય છે. પરીક્ષિત રાજાને તો માતા ઉત્તરાના ગર્ભમાં હતા ત્યારે પ્રભુએ તેમની રક્ષા કરી હોવાથી ભગવન્માહાત્મ્ય જ્ઞાત હતું, પણ રાજા હોવાનો ગર્વ થતાં શરણે આવવામાં વિલમ્બ થઈ ગયો. છેવટે કાલગતિવશાત્ શાપ મળતાં શ્રીભાગવતશ્રવણ કરતાં સદ્બુધ્ધિ જાગતાં શરણે આવ્યા.

### આશ્રયલીલાવિચારોપસંહાર

આશ્રયલીલાન્તર્ગત આ સિવાયના પણ વિષયતાસૃષ્ટિના વિવર્તોપાદાન કે અધિષ્ઠાનરૂપ આશ્રયતત્ત્વને તથા પ્રલયના સાક્ષીરૂપ આશ્રયતત્ત્વને ય સમજાવાયું છે. પ્રસ્તુત સાધનાના સન્દર્ભમાં તેનું અવગાહન પરંતુ અનાવશ્યક લાગે છે.

### શરણાગત-પ્રકૃતિ-વિકૃતિ-વિચાર

આ તો થઈ આશ્રયલીલાની વાત. હવે શરણાગતિ. આગળ ઉપર જોયું તેમ આશ્રયલીલામાં પ્રભુનું માહાત્મ્ય જ પ્રકટ થાય છે. પ્રભુ સર્વસમર્થ છે તથા નિજેચ્છાથી તે તે વસ્તુ કે માર્ગમાં તે તે સામર્થ્ય સ્થાપે છે તથા તે તે સામર્થ્યનો તે તે સમયે લોપ પણ કરે છે જ. શરણાગતિ આવા આશ્રયરૂપ પ્રભુ તરફનો જીવનો યોગ્ય પ્રતિભાવ છે. કોઈની મહાનતાનો સ્વીકાર તેને શરણે જવામાં છે, શું યુધ્ધના સમયમાં કે શું શાંતિના સમયમાં. પછી આપણા પરના સર્વે આક્રમણોને તે મહાન વિભૂતિ જ પહોંચી વળશે.

આવા સ્વીકારમાં શું સાધક છે ને શું બાધક તે પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીઆચાર્યચરણે વિસ્તારથી સમજાવ્યું છે. સંક્ષેપમાં તેને વિવેક, ધૈર્ય અને આશ્રય નામ આપ્યા છે. તેમને ક્રમશ: જોઈએ. તો સાથેસાથે આપણે આ માર્ગમાં કેવી કેવી વિકૃતિઓને ફૂલવાફાલવા દીધી છે તે ય જોઈએ.

વિવેકમાં સર્વ ઘટનાઓનું ભગવદિચ્છાથી થતી ભગવત્કૃતિતયા અવગાહન કરવાનું છે. તેમાં પ્રાર્થના કરવા કે માનતા માનવા જેવી કૃતિને અવકાશ નથી, કેમકે તે પ્રભુના સર્વજ્ઞ કે જીવનું હિત વિચારી શકવા સમર્થ હોવા પર પ્રશ્નાર્થચિહ્ન લગાડી દે છે. વળી અભિમાનની વૃત્તિ ગામ આપણે શરણે આવે તેવા મનોભાવને પ્રોત્સાહન આપે છે, પ્રભુને શરણે સ્વયં જવાના મનોભાવને ઠેકાણે. તે સિવાય એકવાર શરણે ગયા પછી પોતાના હઠ કે આગ્રહના પોટલાનો ભાર માથે લઈને ફરવું ઉચિત નથી. જેમ બસમાં ચઢ્યા પછી બેઠા કે ઊભા રહ્યા કે આગળપાછળ ચાલતા ને સ્ટોપે સ્ટોપે ચઢતા ઉતરતા રહ્યા તો ય બસ પહોંચાડે ત્યારે જ મુકામે પહોંચીએ છીએ તેમ શરણે આવ્યા પછી પોતાના સામર્થ્યથી સાધનો કરીએ તો ય આશ્રય તો ભગવદ્બળે જ સિધ્ધ થશે. તેથી સાધનોનો આશ્રય છોડી નિ:સાધનતાનું ભાવન કરતા કરતા સાધનો કરવા. તેમ કરતાં સાધનાભિમાન કે સાધનાશ્રયના મનોભાવો નહીં જાગે.

આજે પરંતુ આપણે ગામના ગાડરિયા પ્રવાહના રવાડે ચઢી શ્રીનાથજીના દર્શનની કે શ્રીગિરિરાજજીને દૂધ કે શ્રીદાઉજીને હાંડો ચઢાવવાની માનતા માનીએ છીએ, કામનાપૂર્ત્યર્થ પાઠ કરીએ છીએ, વીંટી-માદળિયા-દોરા-ધાગા પહેરવા લાગી ગયા છીએ ! અભિમાન તો એવા એવા કે ગામમાં કોઈ પૂછે ય નહીં ને તો ય જાતને ૧૦૮શ્રીયુત ને અખંડભૂમંડલાચાર્ય ને પીઠાધીશ ને વલ્લભાચાર્ય કે શાસ્ત્રી ને વિદ્વદ્વર્ય ને મહાનુભાવ તો કોઈ અગ્રગણ્ય ને પ.ભ. ને બાપામાં ખપાવે ! હઠીલા ને દુરાગ્રહીઓ તો જાણે બધા આ માર્ગમાં જ છે ! કોઈને નેગભોગનો દુરાગ્રહ તો કોઈને છપ્પનભોગનો હઠાગ્રહ, કોઈને આચાર-અપરસનો તો કોઈને અનાચારનો, કોઈને અત્યાહારનો તો કોઈને અત્યાચારનો તો કોઈને વ્યભિચારનો તો કોઈને વ્યસનોનો, કોઈને સોમયાગનો તો કોઈને કુંભમેળાના નાગાબાવાઓના અખાડાનો, કોઈને જાહેર મંદિરમાં દર્શનના નિત્યનિયમનો તો કોઈને બહારના ખાનપાનના નિત્યનિયમનો, કોઈને સંગઠનનો તો કોઈને બીજાની સૃષ્ટિમાં ઘુસી તેને તોડવાનો, કોઈને ગામેગામ મંદિરો બાંધવાનો તો કોઈને આખા વિશ્વને કંઠી બાંધવાનો ... સહુ જાણે આંખો મીંચીને એક એક કુટેવરૂપી પશુઓના પૂંછડા પકડી બસ પાછળ પાછળ ઢસડાઈ રહ્યા છે. છોડોને પૂંછડા યાર; જેમને પકડવાના છે તે પ્રભુના ચરણોને કેમ નથી પકડતા ! શાંતચિત્તે અનાગ્રહપૂર્વક ધર્મ અને અધર્મનું અગ્રદર્શન તો કરો !

ધૈર્યમાં ત્રિવિધ દુ:ખોને જીવનભર સહન કરવાના છે. પ્રતીકાર કર્યા વિના પરિવારજનોથી લઈ દુર્જનોના અપમાન સહેવાના છે. આ માટે મક્કમ મનોબળ એટલે કે વીલપાવર જોઈએ, અડગતા જોઈએ, ભગવન્માર્ગનિષ્ઠા જોઈએ, સ્વાવલંબન જોઈએ, આત્મવિશ્વાસ જોઈએ. તેમાં ય પાછું બકરું કાઢતા અહંકારનું ઊંટ ના પેસી જાય તે માટે તક્રવત્ દેહવત્ જડવત્ કે ગોપભાર્યવત્ વિવશતાનું ભાવન કરવાનું છે.

જ્યારે આપણે તો ન માર્ગનિષ્ઠા ધરાવીએ છીએ ન મનોબળ ન આત્મવિશ્વાસ; બે-ચાર પેઢી ચાલે તેટલું દ્રવ્યાદિ વારસામાં મળેલ હોય કે જાતે ભેગું કરેલ હોય તો ય. તેથી વિવશતાના ભાવનને બદલે પરવશ થઈ ''દેશકાળની બદલાતી પરિસ્થિતિ''ને તાબે થઈ ટ્રસ્ટ કરી નાખીએ છીએ કે શક્તિપાત કે બીજાને મારવાના અનુષ્ઠાનો પણ કરાવવા લાગી ગયા છીએ. સગા ભાઈ-ભત્રીજાના ઉત્કર્ષને ય સાંખી નથી શકતા તો અપમાનમાં તો આખેઆખા સળગી જઈએ છીએ જાણે ! કોઈ બેડોળ સ્ત્રીને દર્પણ દેખાડનાર વ્યક્તિ તોછડો, ઉધ્ધત અને અપમાન કરનારો લાગે તેમ અનુયાયીના અણિયાળા પ્રશ્નો કે પૂર્વાચાર્યોના સચોટ વચનો ખૂંચે છે. ફૂલટાઈમ પડ્યાપાથર્યા રહેતા ખુશામતિયા અંતરંગ ચેલાઓથી

વીંટળાયેલા રહેવાની ગુરુ-વિદ્વાન-અનુયાયીવર્ય ત્રણેયને આદત પડી જતા ઉપેક્ષા પણ સહન નથી કરી શકતા તો અપમાનની તો ક્યાં વાત કરવી ? ધનિકો કે વકીલો કે રાજકારણીઓ કે ગુંડામવાલી જેવા મિત્રોની સલાહ લેતા થઈ ગયા છીએ, વડીલોપમ પૂર્વાચાર્યોની શિખામણો-ઉપદેશો અભરાઈએ ચઢાવીને. એન.આર.આઈ.ઓને ડોલર-પાઉન્ડ-રિયાલની લાલચે ચાટવા લાગ્યા છીએ, તેમનાથી અંજાઈ તેમને અનુસરવા લાગ્યા છીએ. એક ઠેકાણે પછડાટ મળતાં બીજે ઘુસવાના પ્રયત્નો જોશભેર કરવા લાગીએ છીએ; શું અનુયાયી કે શું શાસ્ત્રી કે શું ગુરુ, સહુ સરખા છે આ બાબતે. પહેલા પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પતી જતા માર્ગ લુપ્ત થઈ જવાના ભયે ટૂંકી દષ્ટિથી સંઘરાખોરી કરી, પણ માર્ગ તો આ ચાલે છે. હવે તો સુધરવું રહ્યું.

આશ્રયમાં જીવનમાં સાધનામાં કે પુરુષાર્થોમાં સફળતા-નિષ્ફળતામાં, વિવિધ પરિસ્થિતિમાં, સારા-નરસા કામ કરતાં, કેવળ શ્રીહરિને જ શરણે જવાનું છે. મન-વાણી-કાયાથી શરણે રહેવાનું છે સતત. અન્યાશ્રય ને અવિશ્વાસનો ત્યાગ કરી જે કાંઈ મળ્યું છે તેનું નિર્મમ થઈ સેવન કરવાનું છે. પણ આપણે કાળને શરણે જઈ બહિર્મુખ થતા ગયા છીએ. મન-વાણી-કાયા સમેત કાલપ્રવાહમાં વહી રહ્યા છીએ. નવ ગ્રહોની દશામાં ને કુંડળીમાં ને હસ્તરેખામાં ને સાંઈબાબામાં ને ભૈરવમાં વિશ્વાસ ધરાવતા થઈ ગયા છીએ. મંદિરો ને બેઠકોને ઠેકા પર આપવા કે વેચવા માંડ્યા છીએ. પગારદાર નોકરોને સેવામાં પહોંચવાની આજ્ઞા ને વ્યવસ્થા કરી આપી પોતે મોજશોખના પતનના માર્ગ પર પહોંચી ગયા છીએ. મેળવીને ય સન્તોષ જ નથી થતો. રક્ષણ કરવામાં તો સગા દીકરાનો ય ભરોસો નથી રહ્યો તો ભગવાન તો બહુ દૂર રહી ગયા છે !

આમ જો આજે આપણે શરણમાર્ગના ય અનુયાયી બનવા લાયક નથી રહી ગયા તો તે જેનો અનુકલ્પ મનાયો છે તેવા ભક્તિમાર્ગની વાટ તો બહુ આઘે છે; ભલે પોતાને શ્રીવલ્લભની બિન્દુસૃષ્ટિ કે નાદસૃષ્ટિ માની આત્મપ્રશંસા કરતા રહીએ ! પણ સાચી જરૂર છે હતાશ થયા વિના ભૂતકાળની આ રાખ ખંખેરી શરણમાર્ગ પર ને ત્યાર બાદ ભક્તિમાર્ગ પર અગ્રેસર થવાનો સંકલ્પ કરવાની. ભલે કાચબાના વેગે, પણ ચાલે તે જ પહોંચી શકે; પહોંચવાની આજ્ઞામાત્ર આપનાર કે મનોરથ કરનાર નહીં. અસ્તુ.

## શરણસંપ્રદાયવિચાર

હવે શરણમાર્ગ ને શરણાગતિના આદર્શ સંપ્રદાય વિશે થોડુંક. શરણમાર્ગમાં ભગવાનનું માહાત્મ્ય અને અન્ય સાધનોની વિફલતા બુધ્ધિથી જાણવી એ પહેલું પગથિયું છે. મનમાં પ્રભુના સર્વસમર્થ હોવા પ્રત્યે વિશ્વાસ જાગવો તે બીજું પગથિયું છે. અંતઃકરણપૂર્વક પોતે ભગવાનના દાસ હોવાનો ભાવ જાગવો અને તેને વિવેકધૈર્યાશ્રયપૂર્વક આચરણમાં મૂકી જીવન ચરિતાર્થ કરવું તે સિધ્ધ કક્ષા છે. તાત્ત્વિક દષ્ટિએ તો આમાં સાધક અને આશ્રયરૂપ પ્રભુ સિવાય કોઈ ત્રીજાની આવશ્યકતા નથી પરન્તુ પ્રેક્ટિકલી વિચારતાં તેટલું પર્યાપ્ત નથી. સાધકને આગળ વધવા હુંફ આપે તેવો માહોલ ધરાવતો સંપ્રદાય આવકાર્ય છે.

આપણે રાજા પરીક્ષિતના ઉદાહરણમાંથી સમજીએ તો તેમને શુકદેવજી જેવા મહાનુભાવ પ્રાપ્ત થતાં ભગવાનના ગુણ-કર્મ-સ્વરૂપનું સુચારુ શ્રવણ સંપન્ન થયું. તેમાં જ્યાં જ્યાં સન્દેહ થયા ત્યાં ત્યાં તેમણે પૂછ્યું અને શુકદેવજીએ તેનું નિરાકરણ કર્યું. સરવાળે તેમની બુધ્ધિ ભગવન્માહાત્મ્યને ધારણ કરી શકી અને પ્રભુમાં વિશ્વાસ જાગ્યો. જીવનનો અવશિષ્ટ કાળ તેમણે ભગવન્માહાત્મ્યનું જ અનુસંધાન રાખતાં વ્યતીત કર્યો. જોકે શુકદેવજી કોઈ સંપ્રદાયસ્થાપક નહોતા અને પરીક્ષિત તેમના શિષ્ય નહોતા, પણ તો ય અવિધિસર તેમનો સંબંધ કાંઈક એવા જ પ્રકારનો છે. બાકી તો ગર્ભમાં જ ભગવન્માહાત્મ્યને અનુભવ્યા છતાં રાજા પરીક્ષિત અશ્રેયસ્કર ગતિને જ પ્રાપ્ત કરત.

જ્યાં સુધી માહાત્મ્યજ્ઞાનનો સવાલ છે ત્યાં સુધી આરંભના તબક્કે એક ભક્તિમાર્ગીને પણ શરણમાર્ગી જેટલી જ તેની આવશ્યકતા છે. તે સ્થિતિમાં ભક્તિસંપ્રદાયના આ બાબતના ઉપદેશવચનો અહીં શરણમાર્ગ માટે પણ એટલા જ પ્રસ્તુત છે. તેથી તેનો વિચાર અહીં અસ્થાને નથી જ.

સાધનદીપિકામાં શ્રીગોપીનાથપ્રભુચરણ આજ્ઞા કરે છે ''માહાત્મ્યજ્ઞાપનાયૈવ શ્રવણં ગુણકર્મણામ્, શાસ્ત્રાણામુપયોગોઽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ભવેત્, ... દેહદ્રોણ્યા યિયાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ, ગુરુણા કર્ણધારેણ હ્યુત્તાર્યા સ્વોપદેશતઃ, 'યો બ્રહ્માણં વિદધાતિ પૂર્વં યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ, તં હ દેવમાત્મબુધ્ધિપ્રકાશં મુમુક્ષુર્વૈ શરણમહં પ્રપદ્યે', 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ', ઇતિ શ્રુત્યા તથા સ્મૃત્યા પ્રપત્ત્યાદેશમાદિતઃ.'' વળી શિષ્ય માટે આજ્ઞા કરે છે ''પ્રેમ્ણોપદેશશ્રવણાત્ પ્રપત્તિઃ પ્રેમકારણમ્, અતો મૂલાભિષેકો હિ કાર્યઃ તેનાસ્ય સેવને''. અર્થ સ્વયંસ્પષ્ટ છે. સરવાળે શરણસંપ્રદાયને સુચારુતયા ચાલવા માટે આરંભમાં એક શાસ્ત્રાભ્યાસી દંભાદિરહિત ભગવદીય ગુરુના મુખેથી જિજ્ઞાસુ શિષ્યોને ભગવાનના ગુણકર્મોનું શાસ્ત્રોના આધારે શ્રવણ સિધ્ધ થાય તે અપેક્ષિત છે. આવા શ્રવણથી પ્રભુના માહાત્મ્યનો પ્રકાશ તેવા શિષ્યોની બુધ્ધિ સુધી ફેલાય છે અને તે મન-વાણી-કાયાથી પ્રપન્ન થવા કૃતસંકલ્પ થાય છે.

નામદીક્ષા કે શરણદીક્ષા આપવાનો પ્રકાર શ્રીમહાપ્રભુજીના સમયથી શરૂ થયેલ છે તેમ વાર્તાસાહિત્યના આધારે જણાય છે. જોકે તે વખતના શરણાર્થીઓ પ્રાયઃ એવા છે કે ઘરના મુખ્ય વ્યક્તિ પુષ્ટિભક્તિમાર્ગી છે અને તેઓ તેમના કહ્યામાં પરન્તુ ભક્તિમાર્ગના અનધિકારી એવા જીવો છે. દા.ત. ગોપાલદાસ ક્ષત્રી બાંસવાડાવાળાના પત્ની, વાસુદેવદાસ છકડાના પરિવારજનો, આદિ. તેમને દીક્ષા આપતા શ્રીમહાપ્રભુજી એવી આશા રાખતા કે તેઓ ભક્તિમાર્ગી મુખ્ય વ્યક્તિને સેવામાં અનુકૂળ બની રહે, ભગવદીયના સંગથી તેમનો ઉધ્ધાર થઈ જાય. આમ થવું પણ સહજ શક્ય છે જ, કેમકે ઘરનો મુખ્ય વ્યક્તિ જ જો ચુસ્ત ભગવદ્ધર્મપરાયણ હોય તો દુઃસંગ, અન્યાશ્રય, અસમર્પિતાન્નભોજનાદિનો ત્યાગ તેમ જ ભગવન્માહાત્મ્યશ્રવણાદિ ઘેરબેઠા ઉપલબ્ધ થઈ રહે.

આજે પરન્તુ પરિસ્થિતિ અલગ છે. કાંઈક અજબગજબ પ્રયોજનોથી શરણદીક્ષા લેવાય ને અપાય છે. ગુરુરૂપી કૂવામાં જ શાસ્ત્રાભ્યાસજનિત ભગવન્માહાત્મ્યબોધનું જલ જો ન હોય તો શિષ્યરૂપી હવાડામાં ક્યાંથી આવે ! જે અધકચરું ભાગવત ભણે છે તે શાસ્ત્રીઓને ય લોભાદિવશાત્

તેમાંથી કાંઈક બની બેસવાની ને કૌભાંડો કરવાની કુમતિ જ સુઝે છે, સન્મતિ નહીં. તો ‘‘ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ’’ન્યાયે તેમના શ્રોતાઓમાં સતત સાંભળી સાંભળી સમાપન થયે બીજા કાનેથી કાઢી નાખી કોરા ઘેર પહોંચવાની ને કથામાં જઈ સંપર્કો વધારવાની ને ઘરગથ્થુ ચીજો વેચવા જેવી વિકૃત વૃત્તિઓ ફૂલેફાલે છે. તે સ્થિતિમાં શરણમાર્ગે આગળ વધવામાં હુંફ મળી રહે તેવો માહોલ પારિવારિકસ્તરે ઘરના મોભીએ ઘરમાં જ સર્જવો રહ્યો. તથા હાલના પુષ્ટિસંપ્રદાયને સમાંતર શરણસંપ્રદાય જો ચલાવવો હોય તો શરૂઆતરૂપે સાંપ્રદાયિકસ્તરે ભગવન્માહાત્મ્યશ્રવણૈકપ્રયોજનલક્ષી શાસ્ત્રાભ્યાસના આયોજનો કરવાની ટેવ પાડવી રહી એમ મને લાગે છે.

અહીં પ્રશ્ન એ થાય કે કોઈ શરણદીક્ષા લઈ શરણમાર્ગ પર અગ્રેસર ન થાય તો શરણમાર્ગને નુકસાન શું છે ? તત્ત્વતઃ તો ન ભગવાનની આશ્રયરૂપતા મટી શકે છે કે ન જીવની આશ્રિતતા ને તેથી જ ન શરણમાર્ગ. તેમાં તો કોઈ દેવદ્રવ્યોપભોગાદિ મહાપતિતતાપાદક ભક્તિમાર્ગીય અપરાધો જેવા અપરાધોનો ભય નથી ને ? વાત સાચી, પરન્તુ નુકસાન શરણમાર્ગને નહીં તો સંપ્રદાયને જરૂર થઈ શકે છે; ‘‘અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ’’ જેવો માહોલ સર્જાઈ શકે છે. તેથી જ શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ આજ્ઞા કરે છે ‘‘વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ, અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ’’. બીજા જન્મે ગુરુ અજગર ન થાય ને ચેલા કીડીઓ બની તેને ન વળગે તેનો વિચાર પ્રથમ ગુરુએ ને સાથે જ શિષ્યે પણ કરવો રહ્યો. ‘‘ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ’’.